વલસાડના સરોધીમાં ધારાસભ્યશ્રી ભરતભાઈ પટેલની ઉપસ્થિતિમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાઈ

૧૫૦ લોકોએ આરોગ્યલક્ષી તપાસ કરાવી, ૨૫ લોકોનું ટીબી અને ૫૮ લોકોનું સિકલસેલ સ્ક્રીનિંગ કરાયું

અમદાવાદ, કેન્દ્ર અને રાજ્ય સરકારની અનેક જનહિતકારી યોજનાઓની માહિતી અને લાભો દરેક લોકો સુધી પહોંચાડતી વિકસિત ભારત સંકલ્પ યાત્રા વલસાડ ધારાસભ્યશ્રી ભરતભાઈ પતેલની ઉપસ્થિતિમાં વલસાડના સરોધી ગામમાં યોજાઈ હતી. લાભાર્થીઓ માટે સરકારની મહત્વપૂર્ણ ગણાતી ૧૭ યોજનાઓ પૈકી આરોગ્યલક્ષી યોજનાઓ, આધાર કાર્ડ, આયુષ્યમાન કાર્ડ, ઉજ્જવલા યોજના, વીજ યોજના, પી.એમ.સ્વ નિધિ યોજના સહિતના ૯ સ્ટોલ ઊભા કરવામાં આવ્યા હતા. લાભાર્થીઓએ મોટી સંખ્યામાં હાજર રહી ઘર આંગણે સરકારી યોજનાના લાભો મેળવ્યા હતા.

ધારાસભ્યશ્રી અને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વિવિધ યોજનાના લાભાર્થીઓને લાભો વિતરિત કરાયા હતા. આરોગ્ય ખાતા દ્વારા આયોજિત હેલ્થ કેમ્પમાં ૧૫૦ લોકોએ આરોગ્યલક્ષી તપાસ કરાવી હતી. જેમાં ટીબીની ૨૫ અને ૫૮ લોકોએ સિકલસેલની તપાસ કરાવી હતી. ઉજ્જવલા યોજના હેઠળ ૨ લાભાર્થીઓનું રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. ગામનું નામ રોશન કરનાર મહિલાઓ, વિદ્યાર્થીઓ, ખેલાડીઓ અને કલાકાર મળી કુલ ૯ લોકોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નવા લાભાર્થીઓને આયુષ્યમાન કાર્ડનો લાભ મળ્યો હતો. વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને સંપૂર્ણ વિકસિત રાષ્ટ્ર બનાવવા અંગે ગ્રામજનોએ સામૂહિક પ્રતિજ્ઞા લીધી હતી. વિવિધ યોજનાઓના ૬ લાભાર્થીઓએ મેરી કહાની, મેરી જુબાની હેઠળ સરકારની યોજનાના લાભ બાદ જીવન ધોરણમાં આવેલા સુખદ પરિવર્તન અંગે લોકો સમક્ષ પોતાના અનુભવ જણાવતી સાફલ્ય ગાથા રજૂ કરી હતી. શાળાના વિદ્યાર્થીઓએ ધરતી કહે પુકાર કે... નાટક રજૂ કરી પ્રાકૃતિક ખેતીનું મહત્વ સમજાવ્યું હતું. ખેતીમાં ડ્રોન ટેક્નોલોજી અંગે પણ ખેડૂતોને માહિતગાર કરાયા હતા. કાર્યક્રમમાં તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષ આશિષભાઈ ગોહિલ, તાલુકા પંચાયત સભ્ય અનિતાબેન, સરપંચ ગીરિશભાઈ પટેલ, ઉપસરપંચ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

વડગામ તાલુકાના લીંબોઈ ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું સ્વાગત કરાયું

અમદાવાદ, "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" વડગામ તાલુકાના લીબોઈ ગામમાં પ્રવેશતાં પ્રાથમીક શાળામાં બાળકો અને ગ્રામજનોદ્વારા ભવ્ય સ્વાગત કરવામાંઆવ્યું હતું. ત્યારબાદ લાભાર્થીઓને સરકારની વિવિધ યોજનાઓથી માહિતગાર કરવામાં આવ્યા હતા. તેમજ પાત્રતા ધરાવતા લાભાર્થીઓનેસ્થળ પર જ લાભ આપવામાં આવ્યા હતા. રથ અન્વયે આઇ.સી ડીએસ વિભાગ દ્વારા ગર્ભવતી બહેનોને માતૃશક્તિ ના પેકેટ તથા કિશોરીઓને સરકારના પૂર્ણા આહાર પેકેટ તેમજ મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓનેઆયુષ્યમાન ભારત કાર્ડઅને આંગણવાડી બહેનોનેસાડી વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ લાભાર્થીઓ અને ગ્રામજનોએવિકસિત ભારતસંકલ્પ અંગેના શપથ ગ્રહણ કર્યા હતા. વિશ્વનેતા અને ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ૯ વર્ષના સાશનમાં દરેક વર્ગના સમાજના પાત્રતા ધરાવતા લાભાર્થીઓને વ્યક્તિગત લાભો આપવામાં આવ્યા હતા. પ્રધાનમંત્રીશ્રીના નામે ચાલતી વિવિધ કેન્દ્ર સરકારની ૧૭ જેટલી ગરીબ લક્ષી યોજનાઓથી યુવાનો, મહિલાઓ તથા કિસાનોનેસીધોલાભ મળ્યોછેએમ જણાવી ઉપસ્થિત મહેમાનોએ લોકોને યોજનાકીય લાભ લેવા અપીલ કરી હતી. આ પ્રસંગે જિલ્લા સંગઠન ઉપપ્રમુખશ્રી પ્રવિણસિંહ રાણા, તાલુકા પ્રમુખશ્રી ગોવિંદભાઈ ચૌધરી અને બનાસકાંઠા જિલ્લા પંચાયત પૂર્વ સદસ્ય અને જિલ્લા અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખશ્રી અશ્વિન સકસેના તથા મહામંત્રી લાલાજી ઠાકોર ઉપપ્રમુખ બાલકૃષ્ણ જીરાલા, વડગામ તાલુકા વિકાસ અધિકારીશ્રી ગીતાબેન ઠાકોર, સંગઠન મહામંત્રીસતીષભાઈ ભોજક તથા વિસ્તારક શ્રી યોવનભાઈ મેવાડા, શ્રી ચંપકભાઈ બારોટ, લીબોઈ ગામના સરપંચશ્રી વર્ષાબેન બારોટ, પૂર્વ સરપંચશ્રી ભીખાભાઈ જગાણીયા તથા વહીવટી તંત્ર વડગામ તાલુકા સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

દેશમાં રોજ સરેરાશ ૭૮, કલાકમાં ત્રણ હત્યા થાય છે

નેશનલ ક્રાઇમ રેકોર્ડ બ્યુરો (એનસીઆરબી)એ તાજેતરમાં ચોંકાવનારો રિપોર્ટ જારી કર્યો છે. વર્ષ ૨૦૨૨માં દેશમાં કુલ ૨૮,૫૫૨ હત્યાના ગુના નોંધ્યા હતા. રોજની ૭૮ હત્યા અથવા દર કલાકે ત્રણ હત્યા થાય છે. ૨૦૧૯માં ૨૯,૨૭૨ હત્યાના ગુના નોંધવામાં આવ્યા હતા એટ્લે ૨૦૨૧ની તુલનામાં ૨.૬ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે.

વર્ષ ૨૦૨૨માં મહિલાઓ સામે કુલ ૪,૪૫,૨૫૬ ગુના નોંધવામાં આવ્યા હતા, જેમાં ૨૦૨૧ની સરખામણીએ ચાર ટકાનો વધારો થયો છે. ૨૦૨૨માં થયેલી કુલ હત્યામાં કુલ ૨૮,૫૨૨ એફઆઇઆર નોંધવામાં આવ્યા હતા, જેમાં રોજના સરેરાશ ૭૮ હત્યા એટલે દર ત્રણ કલાકે ત્રણથી વધુ લોકોની હત્યા થઈ હતી, જે ૨૦૨૧માં ૨૯,૨૭૨ અને ૨૦૨૦માં ૨૯,૧૯૩ હત્યા થઈ હતી.રિપોર્ટના આંકડા મુજબ ૨૦૨૨માં મામુલી કારણો અને વિવાદને લઈને ૯,૯૬૨ હત્યા થઈ હતી તેમ જ ૩,૭૬૧ અંગત વેર અથવા દુશ્મનાવટ, ૧,૮૮૪ લાલચ અને ફાયદો ઉઠાવવા માટે હત્યા કરવામાં આવી હતી. દેશમાં દર એક લાખ લોકોએ હત્યાનો દર ૨.૧ ટકા રહ્યો હતો, જ્યારે આવા કિસ્સામાં ચાર્જશીટ દાખલ કરવાનો દર ૮૧.૫ હતો. ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ ૩,૪૯૧ એફઆઇઆર નોંધાઈ હતી, જે દેશમાં સૌથી વધારે હતી, ત્યાર બાદ બિહારમાં ૨,૯૩૦, મહારાષ્ટ્રમાં ૨,૨૯૫, મધ્ય પ્રદેશમાં ૧,૯૭૮ અને રાજસ્થાનમાં ૧,૮૩૪ હત્યા માટે એફઆઇઆર નોંધવામાં આવી હતી, જેમાં ટોચના પાંચ રાજ્યમાં હત્યાની ૪૩.૯૨ ટકા કેસ નોંધવામાં આવ્યા હતા. એનસીબીઆરની રિપોર્ટ મુજબ નવ મામલા સાથે સિક્કિમ, ૨૧ સાથે નાગાલેન્ડ, ૩૧ સાથે મિઝોરમ, ૪૪ સાથે ગોવા અને ૪૭ સાથે મણિપુર આ પાંચ રાજ્યો સૌથી ઓછા હત્યાના ગુનાઓ નોંધવામાં આવેલા રાજ્યોની યાદીમાં સામેલ છે.

હિંમતનગર ખાતે વીજ બચત માસની ઉજવણી કરાઈ

અમદાવાદ, ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, વર્તુળ કચેરી, હિંમતનગર દ્વારા ''વીજ બચત માસ'' ની ઉજવણી કરવામાં આવેલ. રાષ્ટ્રના વિકાસમાં આપનું યોગદાન, વીજ બચત મહા-અભિયાન અંતર્ગત ''વીજ બચત માસની'' ઉજવણી ના ભાગ રૂપે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલીની શરૂઆત હિંમતનગર વર્તુળ કચેરીના પટાંગણમાં થી ટાવર રોડ થઇ અને જૂના બજાર માંથી પસાર થઇ અને પરત આવેલ હતી. રેલીની અંદર કર્મચારી મિત્રો દ્વારા વીજ બચતના બેનરો તથા વીજ બચતના સૂત્રો ઉચ્ચારી અને લોકોને વીજ બચત વિષે જાગૃત કરવામાં આવ્યા હતા અને વીજ બચત કરવા માટે લોકો ને પ્રેરણા આપતા સૂત્રો ઉચ્ચારાવી વીજ બચત અંગેની પ્રેરણા પૂરી પાડવામાં આવી હતી. આ કાર્યક્રમમાં હિંમતનગર વર્તુળ કચેરીના અધિક્ષક ઇજનેરશ્રી જી.જે.ધનુલા, નાયબ ઇજનેર શ્રી બી.એન.પરમાર, નાયબ ઇજનેર શ્રી એમ.પી.ઝાલા, શ્રી નાયબ ઇજનેર શ્રી વી.આર.બારોટ તેમજ અન્ય અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ મોટી સંખ્યામાં રેલીમાં ભાગ લીધો હતો.

ધાનેરા તાલુકાના ભાટીબ ગામે ''વિકસિત ભારત સંકલ્પ યાત્રા'' યોજાઈ

અમદાવાદ, બનાસકાંઠા જિલ્લામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત સરકારની વિવિધ યોજનાનો પ્રસાર પ્રચાર કરતો રથ ધાનેરા તાલુકાના ભાટીબ ગામે આવી પહોંચતા ગામ લોકો દ્વારા ઉખ્માહભેર સ્વાગત કરાયુ હતું.

રથ દ્વારા ગ્રામજનોને સરકારની વિવિધ ૧૭ જેટલી યોજનાથી માહિતગાર કરવામાં આવ્યા હતા. જરૂરીયાતમંદ લાભાર્થીઓને લાભ મેળવવા અંગે યોજનાકીય માહિતી પૂરી પાડવામાં આવી હતી. તેમજ નામ નોંધણી, ાઅષ્ઠ અંગેની કામગીરી કરી લાભાર્થીઓને સ્થળ પર લાભ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ધાનેરા માર્કેટયાર્ડના પૂર્વ ચેરમેન ભગવાનભાઇ પટેલે સરકારની વિવિધ યોજનાઓની માહિતી આપી પાત્રતા ધરાવતો કોઈ લાભાર્થી રહી ન જાય એની તકેદારી રાખી લોકોને યોજનાકીય લાભ લેવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમ અંતર્ગત રથ દ્વારા સરકારની છેક છેવાડાના માનવી સુધી પ્રજાલક્ષી યોજનાઓ-કાર્યોની ઝાંખી દર્શાવતી શોર્ટફિલ્મ ગ્રામજનોએ રસપૂર્વક નિહાળી હતી. ઉપરાંત સ્થાનિક ગ્રામજનોને યોજનાકીય બેનરો, પેમ્પ્લેટ થકી સરકારશ્રીની સિદ્ધિઓ- ઉપલબ્ધીઓ અંગેનું સાહિત્ય વિતરણ કરીને લોકજાગૃતિ લાવવાનો સરાહનીય પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ રથ દ્વારા ભાટીબ ગામમાં ખેડૂત લાભાર્થીઓને ટ્રેકટર સબસિડીના ઓર્ડર આપવામાં આવ્યા હતા તેમજ આયુષ્માન કાર્ડ, પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, વિધવા સહાય, પૂર્ણાશક્તિ, માતૃશક્તિ, અને બાલશક્તિની કીટ સ્થળ ઉપર જ આપવામાં આવી હતી. ભાટીબ ગામના સરપંચશ્રી અને તલાટીશ્રીને ભગવાનભાઇ પટેલને "જલજીવન મિશનનો"અભિવાદનપત્ર આપ્યો હતો. રથ દ્વારા ગામમાં કુલ ૩૧૪ જેટલા લાભાર્થીઓને વિવિધ યોજનાઓથી લાભાન્વિત કરાયા હતા.

ICICI Home Finance

કોર્પોરેટ ઓફિસ : આઈસીઆઈસીઆઈ હોમ ફાયનાન્સ કંપની લિમીટેડ, આઈસીઆઈસીઆઈ એચએફસી ટાવર, અંધેરી - કુરલા રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૫૯, ઈન્ડિયા.
શાખા ઓફિસ : પહેલો માળ, યુનિટ નં. ૩૧૭, ઓરીયન આર્કેડ કોમ્પ્લેક્ષ, ઈનોક્ષ મલ્ટીપ્લેક્ષ ની પાસે, ઝડેશ્વર, ભરૂચ - ૩૯૨૦૦૧.
શાખા ઓફિસ : દુકાન નં. ૧૦૬, પહેલો માળ, શ્રી રામ શીખર, ન્યુ સ્ટેશન રોડ, આણંદ - ૩૮૮૦૦૧.
શાખા ઓફિસ : ચોથો માળ, ઓફિસ નં. ૪૩૬-૪૪૩, એમેરાલ્ડ વન, વિનવર્ડ બિઝનેશ પાર્ક, જેતલપુર રોડ, વડોદરા, ગુજરાત - ૩૯૦૦૨૦.
શાખા ઓફિસ : શોરૂમ નં. ૨, પહેલો માળ, ઓફિસ નં. બી-૧૨૦, શાંતીનીકેતન બિઝનેશ પાર્ક, ગંગોત્રી સર્કલ, નિકોલ, અમદાવાદ-૩૮૨૩૫૦.

(નિયમ ૮(૬) ની જોગવાઈ જુઓ)

સ્થાવર મિલકતના વેચાણ માટેની સુચના

સિક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ના નિયમ ૮(૬) ની જોગવાઈ અંતર્ગત સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમ - ૨૦૦૨ હેઠળ બોંકમાં ગિરવે મુકેલ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ - હરાજી વેચાણ નોટીસ. આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધારકર્તાઓ અને જામીનદારોને સુચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકત સિકયોર્ડ લેણદાર પાસે ગીરો/ચાર્જ કરેલ છે, જેનો **ભૌતિક કબજો** અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે. **આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમીટેડ** અહીં આપેલી સંક્ષિપ્ત વિગતો મુજબ **"જેમ છે ત્યાં", "જેમ છે તે પ્રમાણે" અને "જે છે તે"** પર વેચવામાં આવશે.

ક્રમ નં.	ઉધારકર્તાઓ/સહ-ઉધારકર્તાઓ/જામીનદારો/કાયદેસરના વારસદાર નું નામ લોન એકાઉન્ટ નંબર	જાણીતી બોજો સાથે સુરક્ષિત મિલકતની વિગતો જો કોઈ હોય તો	બાકી લ્હેણી રકમ	અનામત કિંમત ---------- અર્નેસ્ટ મની ડીપોઝીટ	નિરીક્ષણની તારીખ અને સમય	હરાજીની તારીખ અને સમય
(A)	(B)	(C)	(D)	(E)	(F)	(G)
૧.	અમિતકુમાર યોગેન્દ્ર ઓઝા (ઉધારકર્તા), સારીકા અમિતકુમાર ઓઝા (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHBRD00001292957	પ્લોટ નં. ૩૩, રાજ રેસીડેન્સી, પ્લોટનં. ૧ થી ૨૦ અને ૪૧ અને ૪૨, આર. એસ. નં. ૧૮૨, ગામ - ગડખોલ ની હદદમાં આવેલ, તાલુકો - અંકલેશ્વર, જીલ્લો - ભરૂચ - ૩૯૩૦૦૧.	રૂા. ૨૧,૨૯,૬૧૪/- ૦૭.૧૨.૨૦૨૩	રૂા. ૮,૬૧,૬૧૪/- ------ રૂા. ૮૬,૧૩૦/-	૨૧.૧૨.૨૦૨૩ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૦૩.૦૧.૨૦૨૪ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી
૨.	શાહ કોમલ દેવાંગકુમાર (ઉધારકર્તા), શાહ દેવાંગ (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHAND00001474955 & LHAND00001474938	પ્લોટ નં. ૧૦, રાજધાની રેસીડેન્સી થી જાણીતી, જે સ્થિત રેવન્યુ સર્વે નં. ૬૦/૧, એકાઉન્ટ નં. ૬૦, રંગ ઉપવન પાર્ટી પ્લોટની પાસે, મનજીપુરા રોડ, મું. મનજીપુરા, તાલુકો - નડીયાદ, જીલ્લો - ખેડા.	રૂા. ૫૫,૬૦,૧૧૩/- ૦૭.૧૨.૨૦૨૩	રૂા. ૨૯,૦૮,૦૪૬/- ------ રૂા. ૨,૯૭,૮૧૦/-	૨૧.૧૨.૨૦૨૩ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૦૩.૦૧.૨૦૨૪ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી
૩.	જ્ઞાનચંદ જુગબહાદુર રાજભર (ઉધારકર્તા), લલિતા દેવી (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHAND00001474955 & LHAND00001474938	પેન્ટહાઉસ નં. ઈ/૩૦૮, ત્રીજો માળ, ટાવર - ઈ, કાસા રેસીડેન્સી, બીએપીએસ શ્રી સ્વામીનારાયણ મંદિરની પાસે, સુસેન, તરસાલી રીંગ રોડ, વડસર, વડોદરા - ૩૯૧૪૧૦.	રૂા. ૩૪,૬૫,૨૦૭/- ૦૭.૧૨.૨૦૨૩	રૂા. ૧૦,૫૦,૯૭૫/- ------ રૂા. ૧,૦૫,૧૦૦/-	૨૧.૧૨.૨૦૨૩ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૦૩.૦૧.૨૦૨૪ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી
૪.	અશોક સંગુર્ડે (ઉધારકર્તા), અશોક સંગુર્ડે (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHBRD00001328156	બંગ્લોઝ નં. ૭, રાધા ક્રિષ્ના બંગ્લોઝ થી જાણીતી, રજીસ્ટર્ડ રેવન્યુ સર્વે નં. ૯૧૧/૧, બ્લોક નં. ૮૧૩, ગામ મોજે - ડભોઈ, સબ જીલ્લો - વડોદરા, જીલ્લો - વડોદરા - ૩૯૦૦૧૯.	રૂા. ૨૬,૬૭,૬૭૪/- ૦૭.૧૨.૨૦૨૩	રૂા. ૮,૬૮,૧૨૮/- ------ રૂા. ૮૬,૮૨૦/-	૨૧.૧૨.૨૦૨૩ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૦૩.૦૧.૨૦૨૪ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી
૫.	પ્રવિણભાઈ કમાભાઈ પ્રજાપતિ (ઉધારકર્તા), મંજુલાબેન પ્રવિણભાઈ પ્રજાપતિ (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHAHW00001338195 & LHAHW00001336364	ફલેટ નં. બી/૫૦૪, પાંચમો માળ, બ્લોક નં. બી, વૈકુંઠનાથ એવન્યુ થી જાણીતી સ્કીમ, જે સ્થિત સર્વે નં. ૧૦૦૯/૧, ફાઈનલ પ્લોટ નં. ૧૯૧/૧/૧, ટીપી સ્કીમ નં. ૫, મોજે - કલોલ, તાલુકો - કલોલ, જીલ્લો - ગાંધીનગર - ૩૮૨૭૨૧.	રૂા. ૧૭,૬૨,૪૫૭/- ૦૭.૧૨.૨૦૨૩	રૂા. ૧૧,૨૫,૪૩૦/- ------ રૂા. ૧,૧૨,૫૫૦/-	૨૧.૧૨.૨૦૨૩ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૦૩.૦૧.૨૦૨૪ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી
૬.	પટની અશ્વિનભાઈ પ્રહલાદભાઈ (ઉધારકર્તા), પટની સીતાબેન પ્રહલાદભાઈ (સહ-ઉધારકર્તા), લોન એકાઉન્ટ નં. LHAHZ00001372592 & LHAHZ00001371179	ફલેટ નં. ડી/૪૦૪, ચોથો માળ, નવજીવન વિહાર થી જાણીતી સ્કીમ, જે સ્થિત જુનો બ્લોક નં. ૨૫૪ (જુનો સર્વે નં. ૨૩૫) અને નવો બ્લોક નં. ૩૦૬, એફ પી નં. ૨૫૪, ટીપી એસ નં. ૪૧૩ (ગેરતપુર - રોપડા), મોજે - ગેરતપુર, તાલુકો - દસ્ક્રોઈ, જીલ્લો - અમદાવાદ - ૩૮૨૪૦૫.	રૂા. ૧૩,૪૬,૬૦૯/- ૦૭.૧૨.૨૦૨૩	રૂા. ૪,૫૨,૪૬૬/- ------ રૂા. ૪૫,૨૫૦/-	૨૧.૧૨.૨૦૨૩ સવારે ૧૧.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી	૦૩.૦૧.૨૦૨૪ બપોરે ૨.૦૦ થી બપોરે ૩.૦૦ વાગ્યા સુધી

ઓનલાઈન હરાજી અમારી ઓકશન એજન્સી ગ્લોબટેક ની વેબસાઈટ : **(URL Link-/ https://BestAuction Deal.com)** પર હાથ ધરવામાં આવશે. ગીરો / નોટીસને **તા. ૨૨.૦૧.૨૦૨૪ સુધી સાંજના ૫.૦૦ વાગ્યા પહેલા** ચડત વ્યાજ સાથે કુલ લેણાં ચુકવવાની છેલ્લી તક આપવામાં આવે છે, અન્યથા આ સુરક્ષિત અસ્કયામતો ઉપરોકત શિડયુલ મુજબ વેચવામાં આવશે. સંભવિત બિડરોએ અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈએમડી) આરટીજીએસ / ડીમાન્ડ ડ્રાફટ (ડીડી) (કોલમ ઈ નો સંદર્ભ), **આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમીટેડ, પહેલો માળ, યુનિટ નં. ૩૧૭, ઓરીયન આર્કેડ કોમ્પ્લેક્ષ, ઈનોક્ષ મલ્ટીપ્લેક્ષ ની પાસે, ઝડેશ્વર, ભરૂચ - ૩૯૨૦૦૧, તા. ૦૨.૦૧.૨૦૨૪ ના રોજ સાંજે ૪.૦૦ વાગ્યા પહેલાં** મળે તેમ મોકલી આપવી. સંભવિત બિડરોએ **આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમીટેડ, પહેલો માળ, યુનિટ નં. ૩૧૭, ઓરીયન આર્કેડ કોમ્પ્લેક્ષ, ઈનોક્ષ મલ્ટીપ્લેક્ષ ની પાસે, ઝડેશ્વર, ભરૂચ - ૩૯૨૦૦૧ ખાતે તા. ૦૨.૦૧.૨૦૨૪ ના રોજ સાંજે ૫.૦૦ વાગ્યા પહેલા** મળે તેમ નોંધણી ફોર્મ અને બિડના નિયમો અને શરતોના ફોર્મની સહી કરેલી નકલ પણ સબમીટ કરવી. અર્નેસ્ટ મની ડિપોઝીટ ડીમાન્ડ ડ્રાફટ (ડીડી) **ભરૂચ, ખેડા, વડોદરા, ગાંધીનગર, અમદાવાદ** ખાતે ચુકવવાપાત્ર આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમીટેડ - ઓકશનની તરફેણમાં રાષ્ટ્રીયકૃત / અનુસૂચીત બેંકમાંથી હોવો જોઈએ. હરાજીના નિરીક્ષણના નિયમો અને શરતો અથવા ટેન્ડર સબમીટ કરવા સંબંધી કોઈપણ વધુ સ્પષ્ટતા માટે કૃપા કરીને **૯૯૨૦૮૦૭૩૦૦ પર આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લીમીટેડ** અથવા અમારા સેલ્સ એન્ડ માર્કેટીંગ પાર્ટનર **NexXen સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમીટેડ** નો સંપર્ક કરો. અધિકૃત અધિકારી કોઈપણ અથવા તમામ બિડને કોઈપણ વધુ કારણો આપ્યા વિના નકારવાનો અધિકાર અનામત રાખે છે. વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને **https://www.icicihfc.com/** ની મુલાકાત લો.

તારીખ : ૧૬.૧૨.૨૦૨૩
સ્થળ : ભરૂચ, ખેડા, વડોદરા, ગાંધીનગર, અમદાવાદ

અધિકૃત અધિકારી
આઈસીઆઈસીઆઈસી હોમ ફાયનાન્સ કંપની લિમીટેડ

SHRIRAM Finance
SHRIRAM City MONEY WHEN YOU NEED IT MOST

શ્રીરામ ફાયનાન્સ લિ.

હેડ ઓફિસ : લેવલ - ૩, વોકહાર્ટ ટાવર્સ, પૂર્વ વિંગ, સી-૨, બ્લોક - સી-૨, બાન્દ્રા કુરલા કોમ્પ્લેક્ષ, બાન્દ્રા (પૂર્વ), મુંબઈ - ૪૦૦૦૫૧.
ટેલિ. નં. ૦૨૨ - ૪૨૪૧ ૦૪૦૦, ૦૨૨ ૪૦૬૦, ૩૧૦૦, **વેબસાઈટ :** http://www.shriramfinance.in,
રજીસ્ટર્ડ ઓફિસ : શ્રી ટાવર્સ, પ્લોટ નં. ૧૪એ, દક્ષિણ ફેઝ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ગુન્ડી, ચેન્નઈ-૬૦૦૦૩૨,
રાજકોટ શાખા ઓફિસ : શ્રીરામ ફાયનાન્સ લિ., ઓફિસ નં. ૨૦૩, બીજો માળ, રીગસ બિઝનેશ સેન્ટર, મર્સિડીઝ શોરૂમની ઉપર, ન્યુ સીટી લાઈટ રોડ, વેસુ, સુરત, ગુજરાત - ૩૯૫૦૦૭.

પરિશિષ્ટ-૪-એ (નિયમ ૮(૫) અને ૯(૧) ની જોગવાઈ જુઓ) **સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટીસ**

નોંધ : જાણ કરવામાં આવે છે કે NCLT ચેન્નઈના આદેશ મુજબ "શ્રીરામ સીટી યુનિયન ફાઈનાન્સ લિમીટેડ" ને "શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સ લિમીટેડ" સાથે જોડવામાં આવ્યું છે. ત્યારબાદ "શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સ લિમીટેડ" નું નામ બદલી ને "શ્રીરામ ફાઈનાન્સ લિમીટેડ" તરીકે તા. ૩૦.૧૧.૨૦૨૨ ના રોજ ફેરફાર કરવામાં આવેલ છે અને ઈનકોર્પોરેશનના પ્રમાણપત્ર તા. ૩૦.૧૧.૨૦૨૨ ના રોજ પ્રભાવિત કરવામાં આવ્યું હતું.

સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી નોટીસ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨ ના નિયમ ૯(૧) ની જોગવાઈ સાથે વાંચવામાં આવી છે.

આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધારકર્તા અને જામીનદારોને સુચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો શ્રીરામ ફાયનાન્સ લિમીટેડ પાસે ગીરો / ચાર્જ કરેલ છે. **શ્રીરામ ફાઈનાન્સ લિમીટેડ (અગાઉ શ્રીરામ સીટી યુનિયન ફાઈનાન્સ લિમીટેડ તરીકે ઓળખાતું હતું)** ના અધિકૃત અધિકારી દ્વારા **પ્રત્યક્ષ કબજો** લેવામાં આવ્યો છે તે **"જેમ છે ત્યાં છે" "જેમ છે તે છે" અને "જે ત્યાં છે"** પર વેચવામાં આવશે **તા. ૧૮.૦૧.૨૦૨૪ ના રોજ સવારે ૧૧.૦૦ થી બપોરે ૧.૦૦ વાગ્યાની** વચ્ચે શ્રીરામ ફાઈનાન્સ લિમીટેડને બાકીની રકમની વસુલાત માટે ઈ-હરાજીના આધારે, ટેબલમાં જણાવ્યા મુજબ, ઉધારકર્તા અને જામીનદારો અને બાંયધરી આપનારની વિગતો, બાકી રકમ, સ્થાવર મિલકતનું ટુંકું વર્ણન અને તેના પર જાણીતા બોજો, કબજાનો પ્રકાર, અનામત કિંમત અને બાનાની થાપણ અને બીડ વધારવાની રકમ પણ આપવામાં આવે છે.

ઉધારકર્તાઓ / સહ-ઉધારકર્તાઓ/ જામીનદારો/મોર્ગેજરોનું નામ	ડીમાન્ડ નોટીસ ૧૩(૨) હેઠળની બાકી રકમ અને તારીખ	અર્નેસ્ટ મની ડીપોઝીટની વિગતો (ઈએમડી) વિગતો	હરાજીની તારીખ અને સમય	સંપર્ક વ્યકિત અને નિરીક્ષણ ની તારીખ
(૧). કિષ્ના ક્રિએશન, ભાગીદારી પેઢીનું સરનામું : ૨૨૫, સમર્થ એકિવસ્ટી, ન્યુ સીટી લાઈટ રોડ, સુરત - ૩૯૫૦૦૭. (૨). બિરેન ગોવિંદલાલ શાહ, ૨૦૨, સ્વસ્તિક હાઈટ્સ, પનાસ કેનાલ રોડ, ડાભીબા પાર્ક ની પાસે, સીટી લાઈટ, સુરત - ૩૯૫૦૦૭. (૩). દિપા બિરેન શાહ, ૨૦૨, સ્વસ્તિક હાઈટ્સ, પનાસ કેનાલ રોડ, ડાભીબા પાર્ક ની પાસે, સીટી લાઈટ, સુરત - ૩૯૫૦૦૭.	રૂા. ૨,૦૪,૦૪,૬૮૪/- (રૂા. બે કરોડ ચાર લાખ ચાર હજાર છસ્સો ચોયસી પુરા) તા. ૧૮.૦૬.૨૦૨૨ ના રોજ ગિરવે મુકેલની રકમ મુજબ એકાઉન્ટ નં. RSSURTF